## જન્મદિને વધામણી


બીનાબા શંકરસિંહ રાણા


રસિકલાલ રણછોડદાસ ચૌહાણ
મો. ૯૩૨૭૦ ૭૮૪૪૭


જાગૃતિ વ્યાસ
લાયોનેસ ક્લબ


લક્ષ્મી જોષી
લાયોનેસ ક્લબ


વિહાન દેવાંગ ટાંક
મો. ૯૩૨૭૦ ૭૮૪૪૭


વિવાન દેવાંગ ટાંક
મો. ૯૩૨૭૦ ૭૮૪૪૭

# સંસ્કૃતિ સંસ્થા દ્વારા આજે મુકેશનાં ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૭

સંસ્કૃતિ સંસ્થા અને ડીસીબી બૅન્ક દ્વારા 'જો તુમકો હો પસંદ' શીર્ષક તળે પાર્શ્વગાયક સ્વ. મુકેશે ગાયેલાં હિન્દી ફિલ્મના લોકપ્રિય યુગલ ગીતોનો કાર્યક્રમ તા. ૧૮ ઑગષ્ટ ને શુક્રવારના રોજ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો છે.

આ અંગેની માહિતી આપતાં સંસ્થાના પ્રમુખ રમેશભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સંસ્કૃતિ સંસ્થા અને ડીસીબી બૅન્ક દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત સ્વ. મુકેશના અવાજની આબેહૂબ છાયા ધરાવતા કલાકાર મુખ્તાર શાહ પોતાની ગાયન કલા પ્રસ્તુત કરશે.

સંસ્કૃતિ સંસ્થા પાસે પૂરતી સભ્ય સંખ્યા થઈ ગઈ હોવાથી આ કાર્યક્રમ માત્ર સંસ્થાના સભ્યો અને ડીસીબી બૅન્કના આમંત્રિતો પૂરતો જ મર્યાદિત રાખવામાં આવ્યો છે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.


પાર્શ્વગાયક સ્વ. મુકેશચંદ્ર માથુરને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના ભાવરૂપે

# સરસ્વતી વિદ્યાલય ખાતે બે તહેવારોની ઉજવણી




સરસ્વતી વિદ્યાલય , સૅક્ટર-૬ ખાતે ૭૧ મા સ્વતંત્રતા દિવસની ઉજવણી પરંપરાગત રીતે કરવામાં આવી હતી. સ્થાનિક નગરસેવક રાકેશભાઈ પટેલ તથા હિરલબેન જોષીના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. સાથે સાથે જ જન્માષ્ટમીનો તહેવાર હોવાથી જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી પણ હાથ ધરવામાં આવી હતી. રાસ-ગરબા અને મટકીફોડ જેવા કાર્યક્રમો આ ઉજવણી અંતર્ગત હાથ ધરવામાં આવ્યા હતા.

### ગાંધીનગર આયુર્વેદ શાખા દ્વારા

# ૬૭,૯૩૬ લોકોને આયુર્વેદ ઉકાળાની ભેટ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં ઠેર ઠેર સ્વાઈન ફ્લૂ પ્રતિરોધક ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. તા. ૫ થી ૧૬મી ઓગષ્ટ સુધીમાં જિલ્લા પંચાયત, ગાંધીનગરની આયુર્વેદ શાખા દ્વારા ૬૭, ૯૩૬ લોકોને ઉકાળો પીવડાવવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લા આયુર્વેદ અધિકારી ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં લોકોની સ્વાઈન ફ્લૂ સામે રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે આયુર્વેદ ઉકાળાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં ૧૭,૯૮૭ લોકોને, ગાંધીનગર તાલુકામાં ૨૯,૬૦૧ લોકોને, માણસા તાલુકામાં ૧૩,૬૮૪ લોકોને અને દહેગામ તાલુકામાં ૬,૬૬૪ મળી કુલ ૬૭,૯૩૬ લોકોને આયુર્વેદ ઉકાળો પીવડાવવામાં આવ્યો છે.

વધુમાં તેમણે જણાવ્યું છે કે, ઘરથથ્થુ આયુર્વેદિક ઉકાળો પણ બનાવી શકાય છે. આ ઉકાળો બનાવવા માટે ચોખ્ખુ ૧ લિટર પાણી, ૧૫ નંગ તુલસીનાં પાન, ૫ નંગ અરડુસીનાં પાન, ૧/૨ ચમચી ગળો, ૧/૨ ચમચી સૂંઠ/આદુ, ૧/૨ ચમચી હળદર, ૧/૨ ચમચી અજમો અને ૧/૨ ચમચી ગોળ તેમજ ૧૦ નંગ મરી એક તપેલીમાં આ તમામ વસ્તુઓ મિક્સ કરવાની. ત્યારબાદ ૩ ભાગનું પાણી બળે ત્યાં સુધી ઉકાળવું. ત્યારબાદ ચોખ્ખા કપડાથી ગાળીને હુંફાળું ગરમ પીવું. જેમાં ૧૦ વર્ષથી નાના બાળકોએ ૫ મી.લી, ૧૦ થી ૧૮ વર્ષના લોકોએ ૧૦ મી.લી અને ૧૮ વર્ષથી ઉપરના ઉંમરવાળાએ ૨૫ મી.લી ઉકાળો એક અઠવાડિયા સુધી પીવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે. ભેજવાળા વાતાવરણમાં વધારે દિવસ ઉકાળો પીવાથી કોઈ જાતનું નુકશાન થતું નથી.

# સ્નેહલ નિમાવત દ્વારા લિખિત બે પુસ્તકોનું રવિવારે લોકાર્પણ

## સમારોહ અંતર્ગત આયોજિત કવિ સંમેલન અંતર્ગત આઠ કવિઓ પોતાની રચનાઓ પ્રસ્તુત કરશે : સંચાલન કવિ હરદ્વાર ગોસ્વામી દ્વારા કરાશે

ગાંધીનગર, તા. ૧૭

સ્નેહલ નિમાવત લિખિત બે પુસ્તક 'શબ્દમાં અવતરે છે નરગીસ' અને 'મનઝરૂખો'નું લોકાર્પણ આગામી ૨૦ ઑગષ્ટના રોજ અમદાવાદ ખાતે આયોજિત કરવામાં આવ્યું છે.

ડિવાઈન પબ્લિકેશનના અમૃત ચૌધરીએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે પુસ્તકના આ લોકાર્પણ પ્રસંગે કવિ સંમેલનનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

તારીખ ૨૦ ઑગષ્ટ ને રવિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે રા. વિ. પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે આયોજિત આ લોકાર્પણ સમારોહનું અધ્યક્ષપદ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના મેયર ગૌતમ શાહ શોભાવશે. વક્તા તરીકે ખ્યાત કટાર લેખક કૃષ્ણકાન્ત ઉનડકટ (દિવ્ય ભાસ્કર) અને અશોક દવે (ગુજરાત સમાચાર), અતિથિ તરીકે કટાર લેખક નટવર ગોહેલ (જયહિંદ) અને ચિત્રકાર વી રામાનુજ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે કવિ રમેશ ચૌહાણ, રક્ષા શુક્લ, રમેશ ઠક્કર, વિનય દવે, કુંતલ નિમાવત, અજય મોદી, મનીષ પાઠક 'શ્વેત' અને દિનેશ પરમાર 'નજર' દ્વારા સ્વરચિત કવિતાનો પાઠ કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ હરદ્વાર ગોસ્વામી દ્વારા કરવામાં આવશે. સાહિત્ય, કાવ્યના સૌ ભાવકો, રસજ્ઞોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### અમદાવાદ શહેરના પશ્ચિમ ઝોનના

# મહિલા પોલીસ સ્ટેશનમાં મેઘાણી સાહિત્ય કૉર્નર

## ઝવેરચંદ મેઘાણીના ૭૫ જેટલાં પ્રાપ્ય પુસ્તકો 'મેઘાણી-સાહિત્ય' કોર્નરમાં જાહેર જનતા માટે ઉપલબ્ધ

ગાંધીનગર, તા. ૧૬

મેઘાણી-સાહિત્યથી નવી પેઢી પરિચિત તેમજ પ્રેરિત થાય તે માટે સુરક્ષા સેતુ સોસાયટી અમદાવાદ શહેર પોલીસ તથા ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થા દ્વારા એક પ્રેરક અભિયાન શરૂ થયું, જેના ભાગરૂપે શનિવારે પશ્ચિમ ઝોનના મહિલા પોલીસ સ્ટેશન ખાતે 'મેઘાણી-સાહિત્ય કોર્નર' જાહેર જનતા માટે ખૂલ્લું મૂકવામાં આવ્યું હતું. ઝવેરચંદ મેઘાણીના ૭૫ જેટલાં પ્રાપ્ય પુસ્તકો આ 'મેઘાણી-સાહિત્ય' કોર્નરમાં મૂકાયાં છે. ઝવેરચંદ મેઘાણીએ ૧૯૨૨માં લખેલ પ્રથમ પુસ્તક 'કુરબાનીની કથાઓ'થી લઈને ૧૯૪૭માં અવસાન થયું ત્યારે અપૂર્ણ રહેલી નવલકથા 'કાળચક્ર' ઉપરાંત તેમના અતિ લોકપ્રિય પુસ્તકો 'યુગવંદના', 'સિંધુડો', 'રવીન્દ્ર-વીણા', 'વેવિશાળ', 'સોરઠ તારાં વહેતાં પાણી', 'માણસાઈના દીવા', 'સૌરાષ્ટ્રની રસધાર', 'સોરઠી બહારવટિયા', 'સોરઠી સંતો', 'રઢિયાળી રાત', 'સોરઠી સંતવાણી' અહિ ખાસ ઉપલબ્ધ કરાયાં છે.

મેઘાણીભાઈના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી અને તેમનાં માતા કુસુમબેન મેઘાણી, શહેરના પોલીસ કમિશનર એ. કે. સિંઘ, ડીસીપી (ક્રાઈમ) દીપન ભદ્રન, ડીસીપી ઝોન-૭ વિધીબેન ચૌધરી, એસીપી (મહિલા સેલ) પન્નાબેન મોમાયા, અગ્રણીઓ રૂઝાન ખંભાતા, ભૂમિકાબેન અંકિતભાઈ ત્રિવેદી સહિતના મહિલા અગ્રણીઓ આ પ્રસંગે હાજર રહ્યાં હતાં.

# હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે જન્માષ્ટમીની ઉલ્લાસપૂર્ણ ઉજવણી




હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી અનન્ય ઉત્સાહભર્યા વાતાવરણમાં કરવામાં આવી હતી. ૧ લાખ જેટલા ભાવિક ભક્તોએ આ દિવસે પ્રભુનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે આયોજિત અન્નકૂટ અંતર્ગત ૧૦૮ વાનગીઓ રાધા માધવને ધરાવવામાં આવી હતી. સાત નદીઓમાંથી એકત્ર કરવામાં આવેલાં જળના ૧૦૮ કળશ દ્વારા પ્રભુને અભિષેક પણ કરવામાં આવ્યો હતો. દેશમાંથી એકત્ર કરાયેલાં ખાસ ફૂલોથી ભગવાનનું પારણું સજાવવામાં આવ્યું હતું અને પાલખી ઉત્સવ તથા ઝુલણ ઉત્સવની ઉજવણી પણ આ પ્રસંગે કરવામાં આવી હતી. વૃંદાવનના ભાવિક ભક્તો દ્વારા તૈયાર કરવામાં આવેલાં રત્નો અને સિલ્કનાં વસ્ત્રોથી ભગવાનને શૃંગાર કરવામાં આવ્યા હતા. દિવસભર મંદિરમાં હરિનામ સંકીર્તનનું આયોજન કરાયું હતું અને સચિન લિંબાચીયા અને ગૃપ દ્વારા ભજન સંધ્યાનું આયોજન પણ કરાયું હતું. દર્પણ ઍકેડેમી ઑફ પરફોર્મિંગ આર્ટ્સના કલાકારો દ્વારા નૃત્યની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી. રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે પધાર્યા હતા. આ સમગ્ર ઉજવણીનું ખાસ આકર્ષણ બન્યો હતો રાધા માધવનો 'સ્વર્ણ રથ' કે જેનું આયોજન ગુજરાતમાં પ્રથમ વાર હરે કૃષ્ણ મંદિર ખાતે કરવામાં આવ્યું હતું.




(૧) ધી બ્લૂ વ્હેલ ગેમ કયા દેશમાં બનેલી ઈન્ટરનેટ ગેમ છે ?
(એ) અમેરિકા (બી) ઈઝરાયલ
(સી) રશિયા (ડી) ચીન

(૨) ભારતમાં ૧૫ ઓગષ્ટે કેટલા પોલીસ કર્મચારીઓને સેવા મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા ?
(એ) ૯૯૦ (બી) ૯૯૧
(સી) ૯૯૨ (ડી) ૯૯૩

(૩) ૨૦૧૭માં ભારતના કયા શહેરમાં પ્રથમ વિભાજન મ્યુઝિયમ શરૂ કરવામાં આવ્યું છે ?
(એ) જયપુર (બી) દિલ્હી
(સી) અમૃતસર (ડી) ગાંધીનગર

(૪) તાજેતરમાં નેપાળે કયા દેશ સાથ સહયોગ વધારવા ૩ કરારો કર્યા હતા ?
(એ) ભૂતાન (બી) ચીન
(સી) ભારત (ડી) પાકિસ્તાન

(૫) ૨૦૧૭માં જી-૭ સંગઠનના મંત્રીકક્ષાના સંમેલનની યજમાની કયો દેશ કરી રહ્યો છે ?
(એ) ઈટલી (બી) રશિયા
(સી) અમેરિકા (ડી) જર્મની

(૬) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આઝાદી પછી અત્યાર સુધીના કયા પુરસ્કાર વિજેતાના સન્માન માટે વેબસાઈટ હાલમાં લોન્ચ કરી છે ?
(એ) ખેલ પુરસ્કાર વિજેતા (બી) પદ્મ પુરસ્કાર વિજેતા
(સી) શૌર્ય પુરસ્કારવ વિજેતા (ડી) અશોક પુરસ્કાર વિજેતા

(૭) ૨૦૧૭માં ભારતીય ટેસ્ટ ટીમે કયા દેશને હરાવી ટેસ્ટ સિરીઝ ૩-૦થી જીતી લીધી છે ?
(એ) ઓસ્ટ્રેલિયા (બી) શ્રીલંકા
(સી) ન્યુઝીલેન્ડ (ડી) દક્ષિણ આફ્રિકા

(૮) ૨૦૧૭માં તાપી (TAPI) ગૅસ પરિયોજનાની છઠ્ઠી બેઠકની યજમાની કયો દેશ કરી રહ્યો છે ?
(એ) ભારત (બી) પાકિસ્તાન
(સી) અફઘાનિસ્તાન (ડી) તુર્કમેનિસ્તાન

(૯) ૨૦૧૭માં સુપ્રિમ કૉર્ટના આદેશ મુજબ કયા દસ્તાવેજ વગર કોઈપણ કારનો વીમો કરવામાં નહીં આવે ?
(એ) આધાર કાર્ડ (બી) પાન કાર્ડ
(સી) પીયુસી કાર્ડ (ડી) આર સી બૂક

(૧૦) ૨૦૧૭માં બ્રિટનના વૈજ્ઞાનિક દ્વારા કયા વિસ્તારમાં વિશ્વનો સૌથી મોટો જ્વાળામુખી વિસ્તાર શોધી કાઢવામાં આવ્યો છે ?
(એ) ઍન્ટાર્કટિક (બી) હિન્દ મહાસાગર
(સી) ઍટલાન્ટિકા (ડી) રાતો સમુદ્ર

# ગુજરાતને નશીલા રાજ્યમાં ફેરવવાનું ષડયંત્ર






હાલમાં જ ગુજરાતની દરિયાઈ પટ્ટી ઉપર પોરબંદર પાસેથી એક વિદેશી બોટ કે જેમાં રૂપિયા ૩૫૦૦થી વધુ કિંમતનાં નશીલાં દ્રવ્યો હતાં તે કોસ્ટ ગાર્ડે પકડી પાડી. આ બોટના સભ્યો પૈકી બિહાર અને ઉત્તર પ્રદેશના રહેવાસી પણ હતા. આશ્ચર્યની વાત એ હતી કે આટલું મોટું કન્સાઈનમેન્ટ માત્ર રૂા. ૧૫૦ કરોડમાં કોઈકને સોંપવાનું હતું અને તે પણ ભાવનગર બંદરની નજીક. ઈરાન-પાકિસ્તાન વચ્ચેના એક ટાપુ પરથી આ નશીલું હેરોઈન ગુજરાતમાં ઠાલવવાનો પ્રયાસ થઈ રહ્યો હતો.

આપણા જાંબાઝ જવાનો જમ્મુ કાશ્મીર સરહદે રોજ છદ્મ યુદ્ધ લડી રહ્યા છે અને યુદ્ધ વિના એમને શરીદ થતા જોઈને ભારતના નાગરિકો આઘાત પામી રહ્યા છે. છેક સિરીયામાં કટ્ટરવાદનો કાતિલ જન્મ થયો ત્યારથી રોજ નરસંહાર ધર્મના નામે ચાલી રહ્યો છે, તો જમ્મુ કાશ્મીરમાં પાકિસ્તાન પ્રેરિત ઉગ્રવાદ ભારતને સતત રંઝાડતો રહ્યો છે. ઉગ્રવાદ તો જગજાહેર છે, અપરાધ કર્યા બાદ જવાબદારી પણ કબૂલે છે. પરંતુ છુપા યુદ્ધમાં કોઈપણ દેશને બરબાદ કરવાની જે વિવિધ તરકીબો પ્રવર્તે છે તેમાં વિકસીત બોર્ડર સંલગ્ન રાજ્યોની પ્રજાને નશામાં ડૂબાડી દેવાનો પણ સમાવેશ થાય છે. 'ઉડતા પંજાબ' ફિલ્મને યાદ કરી લો. મોંઘા એવા આ નશીલા પદાર્થો સીમા પારથી ગમે તેમ કરીને ભારતમાં ઘૂસાડવામાં આવી રહ્યા છે અને અહીંના લોકોને એ નશાની લત લગાવવામાં આવી રહી છે. એમાં એ લોકો સફળ થઈ જાય તો જે પ્રજામાં જોમ, ખમીર અને રાષ્ટ્રપ્રેમ ભર્યો છે, તે માર્યા વિના જ મરી જાય. આજે સીમા સાથે જોડાયેલાં તમામ રાજ્યો - જમ્મુ કાશ્મીર, પંજાબ, રાજસ્થાન અને ગુજરાતમાં આ પ્રકારનું એક મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે. આ માદક દ્રવ્યો એક-બે વાર લીધા પછી વ્યક્તિ તેના વગર જીવી શકતો નથી અને વારંવાર સેવન કર્યા પછી પણ વધુ જીવી શકતો નથી. મતલબ કે એની બરબાદી નિશ્ચિત થઈ જાય છે. કેટલાય પરિવાર આ રીતે બરબાદ થઈ ચૂક્યા છે.

ગુજરાત એ દેશનું વિકસીત રાજ્ય છે, ત્યારે પરપ્રાંતિય લોકોનો સહારો લઈ વિદેશી ગુનેગારો આ પ્રકારનાં ખતરનાક કાર્યોને અંજામ આપતા હોય છે. સચ્ચાઈ તો એ છે કે ગાંધીબાપુના ગુજરાતમાં પણ શરાબબંધી હોવા છતાં કડક કાયદાની જોગવાઈઓ અમલમાં લાવવી પડી છે. રાજસ્થાન તરફથી પૂર તો હાલમાં આવ્યું, પરંતુ શરાબની નદીઓ તો પહેલેથી વહ્યા કરે છે. ઉપરાંત અન્ય પાડોશી રાજ્યો તરફથી પણ ગુજરાતને આ પ્રકારની નકારાત્મક સહાય મળ્યા જ કરે છે. 'પાર્ટી કરવી' એ શબ્દ ગુજરાતમાં હવે આમ છે.

હકીકતે શરાબબંધી હોય તો એક ટીપુંય દારૂ રાજ્યમાં ન મળવો જોઈએ. યાદ રહે, નશો એ પતનનું પ્રથમ પગથિયું છે. જ્યાં વિકાસ વધે ત્યાં પૈસો વધે, બહારના લોકો આવે, સમાજમાં બધું નવું નવું જોવા મળે પણ સાથે સાથે ઘણી વિકૃતિઓ પણ છુપી રીતે પોતાનો વિસ્તાર કરતી રહે છે. અને સભ્ય પરિવારના લોકો જાણ્યે અજાણ્યે આ વિકૃતિઓના શિકાર બની જતા હોય છે. રાત્રિ દરમિયાન થતા રોડ અકસ્માતોનું જો વિશ્લેષણ થાય તો ખ્યાલ આવે કે શરાબ સમાજને કેટલી હદે ખાઈ રહ્યો છે.

એમાંય કરુણતા એ છે કે નવી પેઢીના આદર્શોય આદર્શ કહેવા જેવા રહ્યા નથી. આ પેઢીમાં સ્વચ્છંદતા વધતી જાય છે, તેથી નશા પાછળ તેઓ ઝડપથી ખેંચાઈ જાય છે. એમાંય વળી તરંગો ને તણાવ પણ વધ્યાં છે. આ કારણે પણ નશો સમાજમાં વધુ ઝડપથી ફેલાય છે.

તંત્રએ આ બાબતે ચોક્સાઈ અને કડકાઈ રાખવાની જરૂર છે. ગુજરાતમાં પણ હિંસા, રેપ, શરાબ, નશીલાં દ્રવ્યો જેવી બાબતો પર ધ્યાન આપવાની જરૂર વર્તાઈ રહી છે. કારણ કે પ્રશાસન ધારે તો 'ચકલુંય ન ફરકી શકે' એવી સ્થિતિનું નિર્માણ થઈ શકે તેમ છે.

અલબત્ત, આમાં લોક સહકાર પણ એટલો જ જરૂરી છે. એકલા તંત્રથી કંઈ જ નહીં થઈ શકે. ગુજરાતની પ્રજાને વિકાસની સાથે સુખાકારી જોઈતી હોય તો સંયમનું સાધન પણ અપનાવવું પડશે.

**શેર આસ્વાદ**

ઘોસલા બનાને મેં
હમ યું મશગૂલ હો ગયે
કિ ઉડને કો પંખ ભી થે
યે ભી ભૂલ ગયે !